**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

**અમદાવાદ સ્થિત ગુજરાત હાઇકોર્ટ સમક્ષ**

**આર/ફર્સ્ટ અપીલ નં. ૪૮૫૪/૨૦૨૩**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ નિશા એમ. ઠાકોર**

==================================================

| | | |
|---|---|---|
| અહેવાલ કરવાની મંજૂરી | હા | ના |
| | હા | |

==================================================

તારામણી દેવી મોહતા અને અન્યો

વિરુદ્ધ

સિપ્લા લિ. અને અન્ય એક

==================================================

**ઉપસ્થિતિ:**

અપીલકર્તા(ઓ) નં. ૧, ૨, ૩, ૪, ૫ વતી શ્રી વિશાલ પી. ઠક્કર (૭૦૭૯)
સામાવાળા(ઓ) નં. ૧ વતી સિનિયર એડવોકેટ શ્રી જલ ઉનવાલા સાથે શ્રી રાહુલ ધોળકિયા (૬૭૬૫)

==================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તિ નિશા એમ. ઠાકોર**

**તા. ૨૯/૧૧/૨૦૨૪**

**મૌખિક ચુકાદો**

૧. હાલની અપીલ મૂળ વાદી દ્વારા દાખલ કરવામાં આવી છે, જે ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સિટી સિવિલ કોર્ટ, અમદાવાદ દ્વારા સિવિલ સ્યુટ નં. ૬૫૪૯/૧૯૯૯ માં પસાર કરાયેલ ચુકાદા અને હુકમ થી વ્યથિત થઇને કરવામાં આવી છે, જેમાં વિદ્વાન ન્યાયાધીશે અધિકારક્ષેત્રના મુદ્દા પર દાવાને મૂળભૂતપણે ગ્રાહ્ય રાખ્યા વિના વાદીને એન.સી.એલ.ટી. સમક્ષ કાયદાનુસારના ઉપચારોનો આશ્રય લેવા જણાવવામાં આવ્યું છે.

૨. ટૂંકમાં, અપીલકર્તાનો –ટ્રાયલ કોર્ટ સમક્ષ મૂળ વાદીનો કેસ એમ છે કે;

૨.૧ મૂળ વાદી શ્રી પુરુષોત્તમદાસજી મોહતાએ પ્રતિવાદી નં. ૧ કંપનીના ૫૦૦ શેરના માલિક હોવાનો દાવો કર્યો હતો અને ધિરાણ મેળવીને પ્રતિવાદી નં. ૨ બેંક પાસે સદર શેર ગીરો મૂક્યા હતા. વાદીઓએ સદ્ભાવનાપૂર્વક કોરા ટ્રાન્સફર ફોર્મ/ડીડ્સ, શેર સર્ટિફિકેટ્સ પર સહી કરી હતી અને તે પ્રતિવાદી નં. ૨ બેંકને સોંપ્યા હતા. પ્રતિવાદી નં. ૨ બેંક સાથેના ખાતાઓની સરભર થઈ શકી ન હતી. પ્રતિવાદી નં. ૨ એ વાદીની સંમતિ વિના વાદીના શેર વેચી દીધા હતા. પ્રતિવાદી નં. ૨ ની સદર કાર્યવાહીથી વ્યથિત થઈને વાદીએ પ્રતિવાદી નં. ૧ કંપનીનો સંપર્ક કર્યો હતો અને ટ્રાન્સફર ફોર્મની ઝેરોક્ષ નકલ પૂરી પાડવા વિનંતી કરી હતી, જેમાં વાદીને માલૂમ પડ્યું હતું કે સાક્ષીઓ દ્વારા સહી કરવામાં આવી ન હોવા છતાં, પ્રતિવાદી નં. ૨ એ તેમની ગેરહાજરીમાં સાક્ષીઓની સહીઓની વ્યવસ્થા કરી હતી. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે કોરું ટ્રાન્સફર ફોર્મ પ્રતિવાદી નં. ૨ બેંકને સોંપવામાં આવ્યું હતું, જે તારીખ વગરનું ફોર્મ હતું. જ્યારે પ્રતિવાદી

નં. ૧ કંપની પાસેથી મેળવેલી નકલ પર ૧૨ સપ્ટેમ્બર, ૧૯૯૬ ની તારીખ હતી. તેમનો વિશિષ્ટ કેસ એવો હતો કે સ્ટેમ્પ લગાવવા સાથે ટ્રાન્સફર ફોર્મમાં દર્શાવ્યા મુજબનું કોઈ વેચાણ અવેજ સ્વર્ગસ્થ વાદી દ્વારા મેળવવામાં આવ્યું ન હતું. લગાવવામાં આવેલ સ્ટેમ્પ રૂ. ૭.૫૦ પૈસાનો દર્શાવવામાં આવ્યો હતો, જ્યારે વાદીના જણાવ્યા મુજબ, ૧૨ સપ્ટેમ્બર, ૧૯૯૬ ના રોજ યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી રૂ. ૭૦૦/– ની આસપાસ હોવી જોઈતી હતી. ટ્રાન્સફર ફોર્મમાં શેરની સંખ્યા ૫૦૦ શેર તરીકે દર્શાવવામાં આવી હોવા છતાં ૫૦ શેરના લોટ સામે ૧૦ ટ્રાન્સફર ફોર્મ આપવામાં આવ્યા હતા. આમ, ૧૨ સપ્ટેમ્બર, ૧૯૯૬ ના એક જ ટ્રાન્સફર ફોર્મ દ્વારા તમામ ૫૦૦ શેર પ્રતિવાદી નં. ૨ બેંક દ્વારા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. પ્રતિવાદી નં. ૧ કંપનીના ૫ શેર માટે તારીખ ૩ સપ્ટેમ્બર, ૧૯૯૨ ના અગાઉ નિષ્પાદિત ટ્રાન્સફર ફોર્મ પર આધાર રાખવામાં આવ્યો હતો જ્યાં વાદીની સહી સિંગલ ટ્રાન્સફર ફોર્મ પર દેખાતી સહીથી નોંધપાત્ર રીતે ભિન્ન હતી. ટૂંકમાં, વાદીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ 'કપટપૂર્ણ ટ્રાન્સફર' નો કેસ ઉઠાવ્યો છે.

૨.૨ ઉપરોક્ત રજૂઆતો કરીને, ૨૭ ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ માગવામાં આવેલી દાદ માટે વિદ્વાન સિવિલ જજ, સિટી સિવિલ કોર્ટ, અહમદાબાદની અદાલત સમક્ષ દાવો રજૂ કરવામાં આવ્યો હતો. પ્રતિવાદી નં. ૧ પર સમન્સ જારી કરવામાં આવ્યા હતા, જેમણે અદાલત સમક્ષ ઉપસ્થિત થઈને આંક ૨૨ પર લેખિત જવાબ રજૂ કર્યો હતો જેમાં દાવામાં ઉઠાવવામાં આવેલ વાદીની તમામ દલીલોનો ઇનકાર કરવામાં આવ્યો હતો. સિવિલ કોર્ટ સમક્ષ દાવાની ગ્રાહ્યતા અંગે વિશિષ્ટ વિરોધ ઉઠાવવામાં આવ્યો હતો, કારણ કે પ્રતિવાદી નં. ૧

કંપનીના જણાવ્યા મુજબ કંપની અને તેની બાબતોના કોઈપણ વિવાદો અંગે, કંપની અધિનિયમ હેઠળ વિશેષ મંચ એટલે કે કંપની લો બોર્ડની સ્થાપના કરવામાં આવી છે, જે આવા મુદ્દાઓની તપાસ કરવાની અનન્ય હકુમત ધરાવશે. એવું પણ સબમિટ કરવામાં આવ્યું હતું કે ટ્રાન્સફર ફોર્મની પ્રથમ દર્શનીય તપાસથી માલૂમ પડે છે કે વાદીની સહીઓ કંપનીના રેકોર્ડ સાથે મળતી આવતી હતી અને વાદીઓની કાનૂની નોટિસનો જવાબ આપતી વખતે સદર તથ્યો વિશિષ્ટ રીતે વાદીઓના ધ્યાને લાવવામાં આવ્યા હતા. વાદીને એ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે બેંકે વર્ષ ૧૯૯૭ માં જ સદર ૫૦૦ શેર વેચી દીધા હતા અને તેથી, કંપની ટ્રાન્સફર કરાયેલા શેરના કોર્પોરેટ લાભો રોકી શકે નહીં. તારીખ ૧૮ ફેબ્રુઆરી ૨૦૦૦ ના પત્ર દ્વારા, એવું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે પ્રશ્ન હેઠળના શેર ડીમેટ સ્વરૂપમાં છે અને પ્રતિવાદી નં. ૧ નો તેના પર કોઈ કાબૂ ન હોવાથી, આ બાબત કંપની લો બોર્ડ સમક્ષ લઈ જઈ શકાય છે અને તેથી પ્રતિવાદી નં. ૧ એ તેની જવાબદારી સામે વાંધો ઉઠાવ્યો હતો.

૨.૩ મૂળ વાદીઓએ જાહેર કરવાની દાદ માગવા માટે દાવો દાખલ કર્યો હતો કે પ્રતિવાદી નં. ૧ સિપ્લા લિમિટેડ (આહ્વાન પછી કંપની તરીકે ઉલ્લેખિત) દ્વારા પ્રતિવાદી નં. ૨ – ધ ઈન્ડિયન ઓવરસીઝ બેંકના નામે ફોલિયો નં. E005483 માં વિશિષ્ટ નં. ૧૧૪૪૦૩૦૧ થી ૧૧૪૪૦૮૦૦ ધરાવતા સર્ટિફિકેટ નં. ૨૦૮૩૬૨ થી ૨૦૮૩૭૧ વાળા વાદીના ૫૦૦ શેર કપટપૂર્વક ટ્રાન્સફર કરવામાં આવ્યા હોઈ તેને રદબાતલ ગણવામાં આવે. પ્રતિવાદી નં. ૧ કંપની સામે પ્રતિવાદી નં. ૨ – બેંકના નામે થયેલ ઉપરોક્ત ટ્રાન્સફર તેમજ તેના રેકોર્ડમાં

કરવામાં આવેલ ત્યારબાદના તમામ ટ્રાન્સફરને રદ કરવા માટેના નિર્દેશો માગવામાં આવ્યા હતા. મૂળ શેરના ટ્રાન્સફર રદ કરવાની અસરે અથવા પ્રશ્ન હેઠળના અગાઉના મૂળ શેર રદ કરીને ડુપ્લિકેટ શેર જારી કરીને સમયસમય પર પ્રતિવાદી નં. ૧ કંપની દ્વારા જાહેર કરવામાં આવ્યા હોય તે મુજબના તેમના તમામ હકો અને લાભો સાથે શેર પર વાદીઓના માલિકી હકોની જાહેરાત માગવામાં આવી હતી.

૨.૪ ઉપરોક્ત દાદ ઉપરાંત, વાદીઓએ પ્રતિવાદી નં. ૧ ની ભૂલના કારણે વાદીઓને થયેલા નુકસાન અને ક્ષતિઓ સાથે પ્રતિવાદી નં. ૧ દ્વારા ચૂકવવાપાત્ર સાચી રકમો નક્કી કરવાના હેતુથી પક્ષકારો વચ્ચેના હિસાબો લેવા માટે પ્રતિવાદી નં. ૧ કંપની સામે પ્રાથમિક હુકમનામાની પણ માગણી કરી હતી અને પક્ષકારો વચ્ચેના હિસાબો લેવા માટે અને માનીય અદાલત સમક્ષ તેનો અહેવાલ રજૂ કરવા માટે તમામ કાગળો કમિશનરને મોકલવા પ્રતિવાદીઓને નિર્દેશ આપવા વિનંતી કરી હતી જેથી દાવો દાખલ કર્યાની તારીખથી તેની વસૂલાત સુધી વાર્ષિક ૧૮% ના દરે વ્યાજ સાથે વાદીને ચૂકવવાપાત્ર વાસ્તવિક રકમ નક્કી કરીને તેમની તરફેણમાં આખરી હુકમનામું દોરી શકાય.

૨.૫ વિદ્વાન ન્યાયાધીશ દ્વારા આંક ૧૩ અને ૧૪ હેઠળ પસાર કરાયેલા હુકમ અનુસાર પ્રતિવાદી નં. ૨ બેંકને પક્ષકાર પ્રતિવાદી તરીકે જોડવામાં આવ્યા હતા. જેના દ્વારા વાદી દ્વારા ઓર્ડર–૧ રૂલ–૧૦ હેઠળ રજૂ કરાયેલી અરજી ગ્રાહ્ય રાખવામાં આવી હતી. દાવો પેન્ડિંગ હતો તે દરમિયાન મૂળ વાદીનું ૧૯ નવેમ્બર, ૨૦૦૨ ના રોજ અવસાન થયું હતું અને આંક ૨૭ દ્વારા સ્વર્ગસ્થ

વાદીના વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓને રેકોર્ડ પર લાવવામાં આવ્યા હતા. નવી ઉમેરાયેલી પ્રતિવાદી બેંક પર સમન્સની યોગ્ય બજવણી થઈ હોવા છતાં, કોઈ ઉપસ્થિતિ દાખલ કરવામાં આવી ન હતી કે વાદીના કેસનો વિરોધ કરતો કોઈ જવાબ પણ રજૂ કરવામાં આવ્યો ન હતો. તેથી અદાલતે પ્લીડિંગ્સના આધારે મુદ્દાઓ ઘડવાનું આગળ વધાર્યું. આંક ૩૨ પર નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવ્યા હતા.

**મુદ્દાઓ :–**

૧. શું વાદી સાબિત કરે છે કે વાદીએ પ્રતિવાદી નં. ૨ પાસે દાવવાના શેર ગીરો મૂકીને ધિરાણ મેળવ્યું હતું?

૨. શું વાદી સાબિત કરે છે કે પ્રતિવાદી નં. ૧ એ ગેરકાયદેસર રીતે શેર ટ્રાન્સફર કર્યા છે?

૨–એ શું વાદી સાબિત કરે છે કે વાદી પ્રતિવાદી નં. ૨ નો દેવાદાર ન હતો, છતાં પ્રતિવાદી નં. ૨ એ દાવવાના શેર વેચી દીધા હતા?

૩. શું પ્રતિવાદી નં. ૧ સાબિત કરે છે કે આ અદાલતને દાવાની સુનાવણી, ગ્રાહ્યતા અને નિર્ણય કરવાની હકુમત નથી?

૪. શું પ્રતિવાદી નં. ૧ સાબિત કરે છે કે પ્રતિવાદી નં. ૧ એ બોનસ શેર જાહેર કર્યા પછી વાદીએ ખોટો વિવાદ ઉભો કર્યો છે?

૫. શું વાદી માગ્યા મુજબની દાદ મેળવવા માટે હકદાર છે?

૬. શો હુકમ અને હુકમનામું?

**જવાબો :–**

૧. અનિર્ણિત

૨. અનિર્ણિત

૨–એ અનિર્ણિત

૩. હકારાત્મક

૪. અનિર્ણિત

૫. નકારાત્મક

૬. આખરી હુકમ મુજબ

૨.૬ વાદીઓએ ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાની દલીલોના સમર્થનમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા છે, જે નીચે રજૂ કરવામાં આવે છે:–

| અનુક્રમ | વિગત | આંક |
|---|---|---|
| | **~:: મૌખિક પુરાવા ::~** | |
| ૧ | શશી કુમાર મોહતાની સરતપાસ | ૪૧ |
| | **~:: દસ્તાવેજી પુરાવા ::~** | |
| ૧ | સિવિલ સ્યુટ નં. ૩૬૧૧/૨૦૦૨ માં રજૂ કરેલ શશી કુમાર મોહતાની સરતપાસની પ્રમાણિત નકલ | ૪૬ |
| ૨ | સિવિલ સ્યુટ નં. ૩૬૧૧/૨૦૦૨ માં રજૂ કરેલ પ્રતિવાદી નં. ૨ નો મંજૂરી પત્રની પ્રમાણિત નકલ | ૪૭ |
| ૩ | સિવિલ સ્યુટ નં. ૩૬૧૧/૨૦૦૨ માં રજૂ કરેલ પ્રતિવાદી નં. ૨ ને વાદીના પત્રની પ્રમાણિત નકલ | ૪૮ |
| ૪ | સિવિલ સ્યુટ નં. ૩૬૧૧/૨૦૦૨ માં રજૂ કરેલ પ્રતિવાદી નં. ૨ ની સલાહની પ્રમાણિત નકલ | ૪૯ |
| ૫ | સિવિલ સ્યુટ નં. ૩૬૧૧/૨૦૦૨ માં રજૂ કરેલ વાદીના તારીખ ૧૭.૧૦.૯૫ ના પત્રની પ્રમાણિત નકલ | ૫૦ |
| ૬ | સિવિલ સ્યુટ નં. ૩૬૧૧/૨૦૦૨ માં રજૂ કરેલ વાદીના | ૫૧ |

| અનુક્રમ | વિગત | આંક |
|---|---|---|
| | તારીખ ૧૪.૧૨.૯૫ ના પત્રની પ્રમાણિત નકલ | |
| ૭ | સિવિલ સ્યુટ નં. ૩૬૧૧/૨૦૦૨ માં રજૂ કરેલ વાદીના તારીખ ૧૬.૦૪.૯૬ ના પત્રની પ્રમાણિત નકલ | ૫૨ |
| ૮ | સિવિલ સ્યુટ નં. ૩૬૧૧/૨૦૦૨ માં રજૂ કરેલ વાદીના તારીખ ૨૫.૦૬.૯૬ ના પત્રની પ્રમાણિત નકલ | ૫૩ |
| ૯ | પ્રતિવાદી નં. ૧ દ્વારા યોગ્ય રીતે સ્વીકારાયેલ આર.પી.એ.ડી. પોસ્ટેલ પહોંચ | ૫૪ |
| ૧૦ | વાદીના વિદ્વાન એડવોકેટ દ્વારા પ્રતિવાદી નં. ૧ ને જારી કરાયેલ તારીખ ૧૨.૧૦.૧૯૯૯ ની નોટિસ | ૫૬ |
| ૧૧ | વાદીના વિદ્વાન એડવોકેટ દ્વારા પ્રતિવાદી નં. ૧ ને જારી કરાયેલ તારીખ ૨૪.૧૧.૧૯૯૯ ની નોટિસ | ૫૭ |
| ૧૨ | વાદીના વિદ્વાન એડવોકેટ દ્વારા પ્રતિવાદી નં. ૧ ને જારી કરાયેલ તારીખ ૨૫.૧૨.૧૯૯૯ ની નોટિસ | ૫૮ |
| ૧૩ | જેની સામે લોન લેવામાં આવી હતી તે શેરની વિગતો દર્શાવતી પ્રતિવાદી નં. ૨ ને સબમિટ કરેલી શેરની યાદી | ૫૯ |

૨.૭ રેકોર્ડ પર લાવવામાં આવેલા ઉપરોક્ત પુરાવા સિવાય, પ્રતિવાદી નં. ૧ કંપની દ્વારા અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા. કાર્યવાહીના પક્ષકારોને તેમની લેખિત દલીલો રજૂ કરવાની પરવાનગી આપવામાં આવી હતી અને ટ્રાયલ કોર્ટે આખરી નિર્ણય માટે આગળ વધાર્યું.

૨.૮ પ્રતિવાદી નં. ૧ દ્વારા ઉઠાવવામાં આવેલા હકુમતના મુદ્દાને ધ્યાનમાં રાખીને, વિદ્વાન ન્યાયાધીશે આર.એસ.ડી.વી. ફાઇનાન્સ કંપની પ્રા. લિ. વિ. વલ્લભ ગ્લાસ વર્ક્સ લિ., એ.આઇ.આર. ૧૯૯૩ એસ.સી. ૨૦૯૪ માં

અહેવાલિત કેસમાં માનીય સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ધારિત કાનૂની સિદ્ધાંતોનું પાલન કરીને, કેવળ હકુમતના મુદ્દા પર દાવાનો નિર્ણય કરવા આગળ વધ્યા. આમ, અદાલતે મુખ્યત્વે મુદ્દા નં. ૩ અને ૫ ની તપાસ કરી છે અને બાકીના મુદ્દાઓ નક્કી ન કરવાનું પસંદ કર્યું છે.

૨.૯ શરૂઆતમાં, અદાલતે કંપની અધિનિયમની કલમ ૧૧૧ અને ૧૧૧એ ની જોગવાઈઓના પ્રકાશમાં, સિવિલ કોર્ટની હકુમત બાદબાકી અંગેની કાનૂની સ્થિતિને ધ્યાનમાં લીધી હતી, જે કાર્યવાહી પેન્ડિંગ હતી તે દરમિયાન ૨૦૧૩ ના અધિનિયમની કલમ ૫૯ દ્વારા બદલવામાં આવી હતી. વિદ્વાન ન્યાયાધીશે કંપની અધિનિયમની કલમ ૪૩૦ ને પણ ધ્યાનમાં લીધી હતી, જે એન.સી.એલ.ટી. અથવા એન.સી.એલ.એ.ટી. ને અધિનિયમ હેઠળ અથવા હાલમાં અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ નક્કી કરવાની સત્તા આપેલ હોય તેવી કોઈપણ બાબતના સંદર્ભમાં સિવિલ કોર્ટની હકુમતને સ્પષ્ટપણે અટકાવે છે. વિદ્વાન ન્યાયાધીશ એમોનિયા સપ્લાઇઝ કોર્પોરેશન પ્રા. લિ. વિ. મોડર્ન પ્લાસ્ટિક કન્ટેનર્સ (૧૯૯૮) ૭ એસ.સી.સી. ૧૦૫૩ માં અહેવાલિત કેસમાં માનીય સર્વોચ્ચ અદાલત દ્વારા ઉપરોક્ત પાસા પર સંભળાવવામાં આવેલા ચુકાદાઓથી માર્ગદર્શિત થયા હતા, જેમાં અદાલતે ૧૯૯૧ ના સુધારા અગાઉના કેસને કંપની અધિનિયમની કલમ ૧૫૫ ના પ્રકાશમાં વિચારણા કરતી વખતે, જે ૧૯૯૧ પછીની જોગવાઈ એટલે કે કંપની અધિનિયમની કલમ ૧૧૧ અને ૧૧૧એ સંદર્ભે નિર્ધારિત સિદ્ધાંતોને સંચાલિત કરે છે, ઠરાવ્યું હતું કે વાદી દ્વારા દાખલ કરાયેલા વર્તમાન દાવાની સુનાવણી કરવાની સિવિલ કોર્ટને કોઈ

હકુમત નથી. વિદ્વાન ન્યાયાધીશે શશી પ્રકાશ ખેમકા વિ. એન.ઈ.પી.સી. માઈકોન અને અન્ય, (૨૦૧૯) ૧૮ એસ.સી.સી. ૫૬૯ ના કેસમાં માનીય સર્વોચ્ચ અદાલતના નિર્ણયનું પાલન કર્યું છે જેમાં ઠરાવવામાં આવ્યું છે કે એકવાર ધારાસભાએ કંપની અધિનિયમ, ૨૦૧૩ માં કલમ ૪૩૦ ઘડીને સિવિલ કોર્ટની હકુમત પર સંપૂર્ણ અટકાવ ઊભો કર્યો છે, પછી એ બાબતે શંકાનો કોઈ અંશ રહેતો નથી કે અધિનિયમની કલમ ૫૯ હેઠળ સુધારાત્મક હકુમત નક્કી કરવાની હકુમત વિવાદિત તથ્યો અને વિવાદિત પ્રશ્નો હોય ત્યાં પણ વાપરી શકાશે. વિદ્વાન ન્યાયાધીશે **શાંતુકુમાર લક્ષ્મીકાંત શર્મા વિ. શાહ કુમુદચંદ્ર વેલચંદભાઈ, ૧૯૮૫ જી.એલ.એચ. ૯૨૦** માં અહેવાલિત આ અદાલતના નિર્ણયને પણ ધ્યાનમાં લીધો હતો, જેણે ટોપનદાસ વિ. મેસર્સ ગોરખરામ, એ.આઈ.આર. ૧૯૬૪ એસ.સી. ૧૩૪૮ ના કેસમાં માનીય સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલા ચુકાદાનું પાલન કરીને ઠરાવ્યું હતું કે વાદીઓને એન.સી.એલ.ટી. સમક્ષ કાયદા અનુસાર તેનો ઉપચાર મેળવવા માટે મુક્ત છોડીને વર્તમાન દાવો રદ કરવો પડશે.

૩. આથી, ઉપરોક્ત આક્ષેપિત હુકમથી વ્યથિત અને અસંતૃપ્ત થઈને, મૂળ વાદીઓએ સિવિલ પ્રોસિજર કોડની કલમ ૯૬ હેઠળ વર્તમાન અપીલ રજૂ કરીને આ અદાલતનો સંપર્ક કર્યો છે.

૪. અપીલકર્તાઓ મૂળ વાદીઓ વતી વિદ્વાન એડવોકેટ શ્રી વિશાલ ઠક્કર ઉપસ્થિત થયા છે અને પ્રતિવાદી નં. ૧ કંપની માટે કેવિયેટ પર વિદ્વાન

એડવોકેટ શ્રી ધોળકિયા સાથે વિદ્વાન વરિષ્ઠ એડવોકેટ શ્રી જલ ઉનવાલા ઉપસ્થિત થયા છે.

૫. અપીલકર્તાઓ માટેના વિદ્વાન એડવોકેટે અદાલતને કેસના તથ્યોથી માહિતગાર કર્યા છે અને આવેગપૂર્વક રજૂઆત કરી છે કે વર્ષ ૧૯૯૯ માં નોંધાયેલ દાવો હકુમતના આધારે રદ થવો જોઈતો ન હતો કારણ કે તેમના જણાવ્યા મુજબ એવી કોઈ જોગવાઈ નથી જે કપટ અને શેરના હકનો મુદ્દો નક્કી કરવા માટે સિવિલ કોર્ટની હકુમતને ગર્ભિત રીતે પણ અટકાવતી હોય. એવી રજૂઆત કરવામાં આવી હતી કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૪૩૦ ની જોગવાઈઓને જોતાં પણ સિવિલ કોર્ટની હકુમતની બાદબાકી થતી નથી કારણ કે મનાઈ એવા દાવાઓ ગ્રાહ્ય રાખવા સામે છે જે નક્કી કરવાની સત્તા એન.સી.એલ.ટી. ને આપવામાં આવી છે. કેસના તથ્યોમાં, પ્રથમ સમયે જે પરીક્ષણ કરવાની જરૂર છે તે કપટનો મુદ્દો છે અને રજિસ્ટરના સુધારા અંગેની દાદનો સંબંધ છે ત્યાં સુધી તે આનુષંગિક દાદ છે. વિદ્વાન એડવોકેટે સી.એસ. (કોમ) ૨૪૫/૨૦૧૯ માં ૯ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ નિર્ણિત **સુશ્રી શાઝિયા રહેમાન વિ. શ્રી અન્વર ઈલાહી અને અન્ય** ના કેસમાં દિલ્હી હાઇકોર્ટના નિર્ણય પર આધાર રાખ્યો હતો. ઉપરોક્ત ચુકાદાના ફકરા ૨૨ નો સંદર્ભ આપીને, વિદ્વાન એડવોકેટે રજૂઆત કરી હતું કે **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ વિ. આંધ્ર બેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ., (૨૦૦૬) ૬ એસ.સી.સી. ૯૪** માં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે રજિસ્ટરના સુધારા માટે કંપની કોર્ટની હકુમત સંક્ષિપ્ત સ્વરૂપની છે અને જો શેરના હકનો ગંભીર વિવાદિત પ્રશ્ન ઊભો થાય, તો કંપની

કોર્ટે પક્ષકારોને દાવા તરફ મોકલવા જોઈએ. **એમોનિયા સપ્લાઈઝ (ઉપરોક્ત)** ના કેસમાં માનીય સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો પણ સંદર્ભ આપવામાં આવ્યો છે જેના દ્વારા સમાન વલણ વ્યક્ત કરવામાં આવ્યું છે. વિદ્વાન એડવોકેટે વધુમાં ધ્યાન દોર્યું હતું કે વિદ્વાન ન્યાયાધીશે ત્યારબાદ ફકરા ૨૩ અને ૨૪ માં શશી પ્રકાશ ખેમકા (ઉપરોક્ત) ના કેસમાં માનીય સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓને તફાવત દર્શાવ્યો છે જેના પર વર્તમાન કેસમાં પણ ટ્રાયલ કોર્ટે આધાર રાખ્યો છે, અને **એસ.એ.એસ. હોસ્પિટાલિટી પ્રા. લિ. અને અન્ય વિ. સૂર્યા કન્સ્ટ્રક્શન્સ પ્રા. લિ., ૨૦૧૮ એસ.સી.સી. ઓનલાઈન ડેલ ૧૧૯૦૯** ના કેસમાં દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને તફાવત દર્શાવ્યો છે. વિદ્વાન એડવોકેટે મદ્રાસ હાઈકોર્ટના **એન. રામજી વિ. અશ્વનાથ નારાયણ રામજી (૨૦૧૭) ૨૦૩ કંપની કેસ ૫૭૪** ના કેસના ચુકાદા પર વધુ આધાર રાખીને એવી રજૂઆત કરી હતી કે ટ્રિબ્યુનલ પાસે અધિનિયમની કલમ ૫૮ મુજબ માત્ર સભ્યોના રજિસ્ટરના સુધારાની સત્તા છે અને શેરના હકનો પ્રશ્ન નક્કી કરવાની કોઈ હકુમત નથી.

૬. તેનાથી વિપરીત, પ્રતિવાદી નં. ૧ કંપની માટે રેકોર્ડ પરના વિદ્વાન એડવોકેટ શ્રી ધોળકિયા સાથે ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ એડવોકેટ શ્રી જલ ઉનવાલાએ હકના મુદ્દાને આવરી લેતા સભ્યોના રજિસ્ટરના સુધારાને સ્પર્શતી બાબતોમાં અદાલત/ કંપની લો બોર્ડ/ એન.સી.એલ.ટી. ની અનન્ય બહોળી હુકુમતની વિભાવના પર વધુ ભાર મૂક્યો હતો જે સમયસમય પર સ્વીકારવામાં આવી છે. તેમના જણાવ્યા મુજબ, આ અદાલત તેમજ માનીય સર્વોચ્ચ અદાલતના ચૂકાદાઓને ધ્યાનમાં લેતાં આ મુદ્દો હવે રેસ જજિકાટા (નવેસરથી વિચારવા

યોગ્ય) રહ્યો નથી. એવી રજૂઆત કરવામાં આવ્યું હતું કે કંપની અધિનિયમની સંબંધિત જોગવાઈઓના સંક્રમણને જોતાં પણ સ્પષ્ટપણે ધારાસભાનો ઈરાદો સૂચવાય છે જે ધીમે ધીમે સુધારા અધિનિયમ, ૨૦૧૩ તરફ દોરી ગયો છે. એવું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે પ્રશ્નમાં રહેલા વ્યવહાર તે સમયે પ્રવર્તમાન જોગવાઈઓ એટલે કે કંપની અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૧૧૧ દ્વારા સંચાલિત થશે. **એમોનિયા સપ્લાઇઝ (ઉપરોક્ત)** ના કેસમાં માનીય સર્વોચ્ચ અદાલત દ્વારા અર્થઘટન કરાયા મુજબ ઉપરોક્ત જોગવાઈનું વાંચન કરતા, વિદ્વાન વરિષ્ઠ એડવોકેટે રજૂઆત કરી કે અધિનિયમની કલમ ૫૯ હેઠળ, હકુમત સંક્ષિપ્ત સ્વરૂપની છે અને જ્યાં વિવાદિત તથ્યો અને વિવાદિત પ્રશ્નો હોય ત્યાં તેનો ઉપયોગ કરવાનો ઈરાદો નથી પરંતુ બીજા મુદ્દાના સંદર્ભમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કાયદા હેઠળ રચાયેલા નિયામક મંડળોની હકુમતમાં આવતા વ્યવહારો ચોક્કસપણે તેમની પૂર્વ–તપાસ, પૂછપરછ અને નિર્ણયને આધીન હોવા જોઈએ. તેથી તેમણે રજૂઆત કરી હતું કે એન.સી.એલ.ટી. પાસે જ એવી અનન્ય હકુમત નિહિત હશે કે શું તથ્યોના ગંભીર વિવાદિત પ્રશ્નો છે જેની સક્ષમ સિવિલ કોર્ટ દ્વારા યોગ્ય પુરાવા દ્વારા તપાસ કરવાની જરૂર છે અથવા સમાવિષ્ટ તથ્યો અને કાયદાના પ્રશ્નો એવા છે જેની એન.સી.એલ.ટી. પોતે સક્ષમ સિવિલ કોર્ટમાં મોકલ્યા વિના તપાસ કરી શકે છે. પોતાના દલીલના સમર્થનમાં, વિદ્વાન વરિષ્ઠ એડવોકેટે ચલાસાણી **ઉદય શંકર વિ. મેસર્સ લેક્સસ ટેકનોલોજીસ પ્રા. લિ., ન્યુટ્રલ સાઈટેશન: ૨૦૨૪ આઈ.એન.એસ.સી. ૬૭૧** ના કેસમાં માનીય સર્વોચ્ચ અદાલતના સંબંધિત અવલોકનો પર ભારે આધાર

રાખ્યો છે. ઉપરોક્ત કાનૂની સ્થિતિના પ્રકાશમાં, વિદ્વાન વરિષ્ઠ એડવોકેટે અપીલ ગ્રાહ્ય ન રાખવા અને આક્ષેપિત હુકમ કાયમ રાખવા પ્રાર્થના કરી છે.

૭. સંબંધિત પક્ષકારોના વિદ્વાન એડવોકેટોની ઉપરોક્ત રજૂઆતોને ધ્યાનમાં લેતાં, વર્તમાન અપીલમાં વિચારણા માટે ઊભો થતો એકમાત્ર પ્રશ્ન એ છે કે "શું વિદ્વાન ન્યાયાધીશે એવું ઠરાવીને ભૂલ કરી છે કે પ્રાઈવેટ લિમિટેડ કંપનીના શેરના હકની જાહેરાત માટે વાદીઓનો દાવો સિવિલ કોર્ટ સમક્ષ ગ્રાહ્ય ન હતો?"

૭.૧ બિનવિવાદિત રીતે, પ્રશ્નમાં રહેલો વ્યવહાર ૧૨ સપ્ટેમ્બર, ૧૯૯૬ ની તારીખનો છે અને તે સમયે, સભ્યોના રજિસ્ટરના સુધારાના ઉપચાર અંગેની જોગવાઈઓ કંપની અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૧૧૧ માં સમાવિષ્ટ હતી જે હેઠળ રજિસ્ટરના સુધારાના હુકમ માટેની અરજી 'કંપની લો બોર્ડ' સમક્ષ થતી હતી. કંપની અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૧૫૫ ના સંદર્ભમાં સંક્રમણને ધ્યાનમાં લેવું સંબંધિત રહેશે, જે મૂળભૂત રીતે રજિસ્ટરના સુધારાના ઉપચાર સાથે સંબંધિત હતું.

૮. કંપની અધિનિયમ, ૧૯૫૬ તેની કલમ ૧૫૫ માં નીચે મુજબ જોગવાઈ કરે છે:–

"કલમ ૧૫૫.

(૧) જો

(એ) કોઈ વ્યક્તિનું નામ–

(i) પૂરતા કારણ વગર, કંપનીના સભ્યોના રજિસ્ટરમાં દાખલ કરવામાં આવ્યું હોય; અથવા

(ii) રજિસ્ટરમાં દાખલ થયા પછી, પૂરતા કારણ વગર, તેમાંથી બાકાત રાખવામાં આવ્યું હોય; અથવા

(બી) કોઈ વ્યક્તિ સભ્ય બની ગઈ હોય, અથવા સભ્ય બનતી અટકી ગઈ હોય તે તથ્ય રજિસ્ટરમાં દાખલ કરવામાં ભૂલ થાય, અથવા બિનજરૂરી વિલંબ થાય; તો વ્યથિત વ્યક્તિ, અથવા કંપનીનો કોઈ સભ્ય, અથવા કંપની, રજિસ્ટરના સુધારા માટે કોર્ટમાં અરજી કરી શકે છે.

(૨) કોર્ટ અરજી કાં તો રદ કરી શકે છે અથવા રજિસ્ટરના સુધારાનો હુકમ કરી શકે છે; અને છેલ્લા કિસ્સામાં, કંપનીને વ્યથિત કોઈપણ પક્ષકાર દ્વારા સહન કરાયેલ નુકસાની, જો કોઈ હોય તો, ચૂકવવાનો નિર્દેશ આપી શકે છે. કોઈપણ કિસ્સામાં, કોર્ટ તેના સ્વવિવકે ખર્ચ અંગે એવો હુકમ કરી શકે છે જે તે યોગ્ય માને છે.

(૩) આ કલમ હેઠળની અરજી પર, કોર્ટ–

(એ) રજિસ્ટરમાં પોતાનું નામ દાખલ કરવા અથવા બાકાત રાખવા માટે અરજીનો પક્ષકાર હોય તેવી કોઈપણ વ્યક્તિના હક સંબંધિત કોઈપણ પ્રશ્નનો નિર્ણય કરી શકે છે, પછી ભલે તે પ્રશ્ન સભ્યો અથવા કથિત સભ્ય વચ્ચે ઊભો થાય, અથવા એક તરફ સભ્યો અથવા કથિત સભ્યો અને બીજી તરફ કંપની વચ્ચે ઊભો થાય; અને

(બી) સામાન્ય રીતે, કોઈપણ પ્રશ્નનો નિર્ણય કરી શકે છે જે સુધારા માટેની અરજીના સંબંધમાં નક્કી કરવો જરૂરી અથવા યોગ્ય હોય.

(૪) અરજી પર અથવા તેમાં ઉઠાવવામાં આવેલા અને અલગથી સુનાવણી કરાયેલા કોઈપણ મુદ્દા પર કોર્ટ દ્વારા પસાર કરાયેલા કોઈપણ હુકમ સામે, સિવિલ પ્રોસિજર કોડ, ૧૯૦૮ ની કલમ

૧૦૦ માં દર્શાવેલ આધારો પર અપીલ થશે–

(એ) જો હુકમ ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવ્યો હોય, તો હાઈકોર્ટમાં;

(બી) જો હુકમ ત્રણ કે તેથી વધુ ન્યાયાધીશોની બનેલી હાઈકોર્ટના સિંગલ જજ દ્વારા પસાર કરવામાં આવ્યો હોય, તો તે હાઈકોર્ટની બેંચ સમક્ષ.

(૫) પેટાકલમ (૧) થી (૪) ની જોગવાઈઓ ડિબેન્ચર ધારકોના રજિસ્ટરના સુધારાના સંબંધમાં લાગુ પડશે જે રીતે તે સભ્યોના રજિસ્ટરના સુધારાના સંબંધમાં લાગુ પડે છે."

૯. કલમ ૧૫૫ માં દેખાતા શબ્દ 'કોર્ટ' ને કલમ ૨(૧૧) હેઠળ પૂરી પાડવામાં આવેલી વ્યાખ્યાના પ્રકાશમાં વાંચવો પડશે જે 'કોર્ટ' શબ્દને વ્યાખ્યાયિત કરે છે:

"(૧૧) "કોર્ટ" એટલે,– ૧. કંપની સંબંધિત કોઈપણ બાબતના સંદર્ભમાં (આ અધિનિયમ સામેના કોઈપણ ગુના સિવાય), કલમ ૧૦ માં જોગવાઈ કર્યા મુજબ તે કંપની સંબંધિત તે બાબતના સંદર્ભમાં આ અધિનિયમ હેઠળ હકુમત ધરાવતી કોર્ટ; (બી) આ અધિનિયમ સામેના કોઈપણ ગુનાના સંદર્ભમાં, ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટની કોર્ટ અથવા, જેવો કિસ્સો હોય તેમ, પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટની કોર્ટ, જે આવા ગુનાની સુનાવણી કરવાની હકુમત ધરાવે છે;"

૧૦. તેથી ઉપરોક્ત વ્યાખ્યાને કલમ ૧૦ સાથે વધુ વાંચવી પડશે જે નીચે મુજબ વંચાય છે:

"૧૦. ન્યાયાલયોની હકુમત .–

(૧) આ અધિનિયમ હેઠળ હકુમત ધરાવતી કોર્ટ નીચે મુજબ રહેશે–

૧. પેટાકલમ (૨) ને અનુસરીને તે હાઈકોર્ટને તાબેની કોઈપણ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અથવા ડિસ્ટ્રિક્ટ કોર્ટ્સ પર હકુમત એનાયત કરવામાં આવી હોય તે હદ સિવાય, સંબંધિત કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ જે સ્થળે આવેલી હોય તે સ્થળના સંબંધમાં હકુમત ધરાવતી હાઈકોર્ટ; અને

૨. જ્યાં હકુમત તે રીતે એનાયત કરવામાં આવી હોય, ત્યાં જિલ્લામાં તેમની રજિસ્ટર્ડ ઓફિસો ધરાવતી કંપનીઓના સંદર્ભમાં, એનાયત કરાયેલી હકુમતના વ્યાપમાં આવતી બાબતોના સંબંધમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ.

(૨) સેન્ટ્રલ ગવર્નમેન્ટ, ઓફિશિયલ ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા અને તે યોગ્ય માને તેવા નિયંત્રણો, મર્યાદાઓ અને શરતોને આધીન, કોઈપણ ડિસ્ટ્રિક્ટ કોર્ટને આ અધિનિયમ દ્વારા કોર્ટ પર એનાયત કરાયેલી તમામ અથવા કોઈપણ હકુમતનો ઉપયોગ કરવા માટે સશક્ત કરી શકે છે, જે હકુમત નીચે મુજબ એનાયત કરાયેલ ન હોય– ૧. સામાન્ય રીતે કંપનીઓના સંદર્ભમાં, કલમ ૨૩૭, ૩૯૧, ૩૯૪, ૩૯૫ અને ૩૯૭ થી ૪૦૭, બંને સમાવિષ્ટ દ્વારા; (બી) એક લાખ રૂપિયાથી ઓછી નહીં તેટલી પેઇડ–અપ શેર કેપિટલ ધરાવતી કંપનીઓના સંદર્ભમાં, પાર્ટ VII (કલમ ૪૨૫ થી ૫૬૦) અને કંપનીઓના વાઈન્ડિંગ અપ સંબંધિત આ અધિનિયમની અન્ય જોગવાઈઓ દ્વારા.

(૩) કંપનીઓનું વાઈન્ડિંગ અપ કરવાની હકુમતના હેતુઓ માટે, "રજિસ્ટર્ડ ઓફિસ" મૌખિક અભિવ્યક્તિ એટલે તે સ્થળ જે વાઈન્ડિંગ અપ માટેની અરજી રજૂ કર્યાના તુરંત અગાઉના છ મહિના દરમિયાન સૌથી વધુ સમય માટે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ રહી હોય."

૧૧. ઉપરોક્ત જોગવાઈઓ સિવિલ કોર્ટની હકુમત સામે કંપની અધિનિયમની કલમ ૧૫૫ પરના વિવિધ કેસોમાં ચર્ચાનો વિષય હતી. પરસ્પર વિરોધી મંતવ્યો પ્રવર્તતા હતા જ્યાં ચુકાદાઓના એક જૂથે ઠરાવ્યું હતું કે કંપનીના શેરધારકોના રજિસ્ટરને સુધારવાનો હક કોમન લો દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો અને તેથી કંપની અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૧૫૫ હેઠળ ઉપલબ્ધ કરાવ્યા મુજબ સુધારા માટે પરિકલ્પિત પ્રક્રિયા સંક્ષિપ્ત પ્રક્રિયા હતી અને તેથી જટિલ મુદ્દાઓની સુનાવણી સિવિલ કોર્ટ સમક્ષ દાવામાં થવી જોઈએ. પબ્લિક પેસેન્જર સર્વિસિસ લિ. વિ. એમ.એ. ખાદર, એ.આઈ.આર. ૧૯૬૬ એસ.સી. ૪૮૯ ના આવા અગાઉના કેસમાં સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે :

> "જ્યાં તેની જટિલતા અથવા અન્યથા કારણે બાબતનો વધુ અનુકૂળ રીતે દાવામાં નિર્ણય કરી શકાય તેમ હોય, ત્યાં કોર્ટ સ્વવિવકે હકુમતનો ઉપયોગ કરીને કલમ ૧૫૫ હેઠળ દાદ આપવાનો ઈનકાર કરી શકે છે અને પક્ષકારોને દાવા તરફ મોકલી શકે છે".

૧૨. એમોનિયા સપ્લાઈઝ કોર્પોરેશન પ્રા. લિ. વિ. મોડર્ન પ્લાસ્ટિક કન્ટેનર્સ પ્રા. લિ., (૧૯૯૮) ૭ એસ.સી.સી. ૧૦૫ માં ૧૯૫૬ ના અધિનિયમની કલમ ૧૫૫ સાથે કામ કરતી વખતે સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક જણાવ્યા મુજબ, સુધારાના તેના વ્યાપની હદ સુધી 'બહોળી હુકુમત' ની અનન્યતા અને તેની 'સંક્ષિપ્ત હકુમત' ને ધ્યાનમાં લેવી સંબંધિત રહેશે. અપીલકર્તા કંપનીની અપીલ રદ કરતા હાઈકોર્ટના હુકમ સામેની અપીલમાં સર્વોચ્ચ અદાલતને કાયદાના સ્પષ્ટ પ્રશ્નનો નિર્ણય કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું :

"શું કંપની અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૧૫૫ હેઠળની કાર્યવાહીમાં, કોર્ટ પાસે તેમાં ઉઠાવવામાં આવેલી તમામ બાબતોના સંદર્ભમાં અનન્ય હકુમત છે કે માત્ર સંક્ષિપ્ત હકુમત છે?"

૧૩. **એમોનિયા સપ્લાઈઝ (ઉપરોક્ત)** માં, માનીય સર્વોચ્ચ અદાલતે સુધારાના પેરિફેરલ ક્ષેત્ર સાથે કામ કરવા માટે માત્ર કલમ ૧૫૫ હેઠળ કોર્ટની અનન્ય હકુમતને સ્વીકારી હતી, જોકે, સર્વોચ્ચ અદાલતે વધુમાં ઠરાવ્યું હતું કે જૂના કંપની અધિનિયમ, ૧૯૧૩ ની કલમ ૩૮ માં દેખાતી શરત કાઢી નાખવામાં આવી હોવા છતાં, સિવિલ હકો અથવા હકના ગંભીર વિવાદિત પ્રશ્ન પર અથવા કોઈપણ વ્યવહારના ઈનકાર પર અથવા ઉઠાવવામાં આવેલા દાવાઓના પાયારૂપ અન્ય કોઈપણ મૂળભૂત તથ્યો પર નિવારણ મેળવવા માટે પક્ષકારોને સિવિલ કોર્ટની હકુમતમાં મોકલવાનું કોર્ટનું સ્વવિવેક છીનવાઈ ગયું ન હતું. બીજા શબ્દોમાં કહીએ તો, દરેક કેસના તથ્યો અને સંજોગોની તપાસ કરીને નિર્ણય કરવાનો કોર્ટને સ્વવિવેક આપવામાં આવ્યો છે કે શું તે ખરેખર કંપની અધિનિયમની જોગવાઈઓની મર્યાદામાં રહીને કામ કરવાનો સુધારાનો કેસ હતો કે સિવિલ કોર્ટ દ્વારા નિર્ણિત કરી શકાય તેવા મુદ્દાને સ્પર્શે છે. માનીય સર્વોચ્ચ અદાલતે આમ અવલોકન કર્યું :

"૨૬. શરતે કોર્ટને કાયદાનો મુદ્દો ચલાવવાનો નિર્દેશ આપવાનું સ્વવિવેક આપ્યું હતું, જો ઉઠાવવામાં આવે તો. આ કાઢી નાખવાથી, રજૂઆત એ છે કે કંપની કોર્ટે પોતે હવે કાયદા સહિત રજિસ્ટરના સુધારા સંબંધિત કોઈપણ પ્રશ્નનો નિર્ણય કરવાનો છે અને સિવિલ કોર્ટમાં મોકલવાનો નથી. સુધારાના પેરિફેરલ ક્ષેત્રમાં ઉઠાવવામાં આવેલા કોઈપણ પ્રશ્નમાં કોઈ શંકા હોઈ શકે નહીં, તે માત્ર કલમ ૧૫૫ હેઠળની કોર્ટ જ છે જે

અનન્ય હકુમત ધરાવશે. જોકે, ઉઠાવવામાં આવેલો પ્રશ્ન અહી અટકતો નથી. જો કોઈ દાવો કેટલાક ગંભીર વિવાદિત સિવિલ હકો અથવા હક, કોઈપણ વ્યવહારના ઈનકાર અથવા અન્ય કોઈપણ મૂળભૂત તથ્યો પર આધારિત હોય જે સભ્ય બનવાના હકના દાવાનો પાયો હોઈ શકે છે અને જો કોર્ટને લાગે છે કે આવો દાવો સુધારાનો બનતો નથી પરંતુ તેના બદલે સુધારા બહાર પડતા આવા કેટલાક તથ્યોના મૂળભૂત પાયાનો નિર્ણય માગે છે, તો સિવિલ કોર્ટ સમક્ષ પહેલા આવા તથ્યોના નિર્ણય માટે દાદ મેળવવા પક્ષકારને મોકલવાનું તેનું સ્વવિવેક, માત્ર ઉપરોક્ત શરત કાઢી નાખવાના કારણે કોર્ટનો આવો હક છીનવાઈ ગયો છે તેમ કહી શકાય નહીં. અન્યથા સુધારાના બહાના હેઠળ વ્યક્તિ તેના હેઠળ ન આવતા નિર્ણય માટે આવા ઘણા વિવાદિત મુદ્દાઓનો દાવો કરી શકે છે. આમ બીજા શબ્દોમાં કહીએ તો, તેના હેઠળની કોર્ટ પાસે એ શોધવાનું સ્વવિવેક છે કે ઉભો થયેલો વિવાદ ખરેખર સુધારા માટે છે કે એવા પ્રકારનો છે, જ્યાં સુધી પહેલા નિર્ણય ન થાય ત્યાં સુધી તે સુધારાના ક્ષેત્રમાં આવશે નહીં. 'સુધારા' શબ્દ પોતે જ સુધારાની જરૂરિયાતવાળી કોઈ ભૂલ પ્રવેશી હોવાનું સૂચવે છે. ભૂલનો અર્થ માત્ર એટલો જ થશે કે કાયદા હેઠળ જરૂરી બધું જ કરવામાં આવ્યું છે છતાં કોઈ ભૂલથી નામ કાં તો બાદ રહી ગયું છે અથવા કંપનીના રજિસ્ટરમાં ખોટી રીતે નોંધાયું છે. ટી.પી. મુખર્જીની લો લેક્સિકોન, પાંચમી સુધારેલી આવૃત્તિમાં; i "કલમ ૧૫૫ માં વપરાયેલ રજિસ્ટરના સુધારાની અભિવ્યક્તિ નોંધપાત્ર અને હેતુપૂર્ણ છે. 'સુધારા' નો અર્થ ભૂલની સુધારણા અથવા ખામીઓ કે અપૂર્ણતા દૂર કરવી થાય છે. તે ભૂલ, ભૂલ અથવા ખામીના પૂર્વ અસ્તિત્વને સૂચવે છે, કંપની દ્વારા રાખવામાં આવેલ રજિસ્ટર ખોટું અથવા ખામીયુક્ત હોવાનું દર્શાવવું પડશે". સ્ટ્રાઉન્ડ્સ જ્યુડિશિયલ ડિક્શનરી; "સુધારવું – કંપનીના રજિસ્ટરમાં ફેરફાર કરવો જેથી તે કાયદેસર ટ્રાન્સફરને અનુરૂપ બને" વેંકટરામૈયાની લો લેક્સિકોન, ૨જી આવૃત્તિમાં; "તે કલમની સત્તાઓ હેઠળ કરવાનું કાર્ય રજિસ્ટરનું 'સુધારા' છે, એક એવો શબ્દ જે પોતે જ

સૂચવે છે કે રજિસ્ટર, કાં તો તેમાં શું છે અથવા શું નથી, તે ખોટું છે; પરંતુ જ્યાં સુધી રાખવાના રજિસ્ટરના પ્રકાર અંગે અધિનિયમમાં દર્શાવેલા નિર્દેશોનું પાલન કરવામાં કંપની તરફથી નિષ્ફળતા ન થઈ હોય ત્યાં સુધી રજિસ્ટર ખોટું હોઈ શકે નહીં: કારણ કે જો અધિનિયમનું પાલન કરવામાં આવ્યું હોય, તો રજિસ્ટર સાચું હોવું જોઈએ અને ખોટું નહીં."

૨૭. બીજા શબ્દોમાં કહીએ તો, સુધારા માટે પાત્ર બનવા માટે, કંપનીના રજિસ્ટરમાં નામ નોંધતા પહેલા કંપની અધિનિયમ હેઠળ નિર્ધારિત દરેક પ્રક્રિયાનું અરજદાર દ્વારા પાલન કરવામાં આવ્યું હોવાનું જણાવવું પડશે, ઓછામાં ઓછું અધિનિયમ દ્વારા જરૂરી તેટલો ભાગ અને આવા રજિસ્ટરના સુધારા માટે દાવો કરવા માટે અરજદાર અગાઉ સામા પક્ષની કંપનીની વ્યક્તિ અથવા મંડળ દ્વારા અધિનિયમ અને નિયમ હેઠળ શું પાલન કરવામાં આવ્યું નથી તેનો દાવો કરવો પડશે. કોર્ટે દરેક કેસના તથ્યોની તપાસ કરવાની રહેશે, કે અરજી સુધારા માટે છે કે અન્ય કોઈ બાબત માટે. તેથી તેના હેઠળ કોર્ટનું ક્ષેત્ર અથવા બહોળી હુકુમત તે રહેશે જે સુધારા હેઠળ આવે છે, સુધારાના બહાના હેઠળ પ્રોજેક્ટ કરાયેલા દાવાઓ નહીં. તેથી તેના ક્ષેત્રમાં સુધારા માટે સત્તાનો ઉપયોગ કરવા માટે કલમ ૨(૧૧) અને કલમ ૧૦ સાથે વાંચતા કલમ ૧૫૫ હેઠળ ઉલ્લેખિત કોર્ટ જ અનન્ય હકુમત ધરાવે છે તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં. તે જ રીતે, કલમ ૪૪૬ હેઠળ 'કોર્ટ' કંપની જજનો ઉલ્લેખ કરે છે જે તેની હેઠળ આવરી લેવાયેલી બાબતોનો પોતે નિર્ણય કરવાની અનન્ય હકુમત ધરાવે છે. પરંતુ આનો અર્થ એ નથી કે સદર 'કોર્ટ' ને અનન્ય હકુમત ધરાવતી તરીકે અર્થઘટન કરીને તેમાં એવું સમાવવું જે તેના હેઠળ આવરી લેવાયેલ નથી, માત્ર તેને સુધારાનું નામ આપવામાં આવ્યું હોવાના કારણે એવું બનતું નથી કે કોર્ટ નામ દૂર કર્યા પછી સાર જોઈ શકે નહીં.

૨૮. અમારી સમક્ષ તપાસ માટેનો પ્રશ્ન પેરિફેરલ ક્ષેત્ર છે જેની અંદર કોર્ટ સુધારા માટે તેની હકુમતનો ઉપયોગ કરી શકે છે. ઉપરોક્ત મુજબ

"સુધારા" શબ્દ પોતે જ એવું કંઈક સૂચવે છે જે કરવું જોઈતું હતું પરંતુ ભૂલથી થયું નથી અને જે ન કરવું જોઈતું હતું તે કરવામાં આવ્યું હતું જેના માટે સુધારાની જરૂર છે. સુધારા, બીજા શબ્દોમાં કહીએ તો, અધિનિયમ હેઠળના નિર્દેશોનું પાલન કરવામાં કંપની તરફથી નિષ્ફળતા છે. આ ભૂલ દર્શાવવા માટે બોજ અરજદાર પર છે, અને આ હદ સુધી આવી કોર્ટમાં ઉઠાવવામાં આવેલ વ્યક્તિઓ વચ્ચેની કોઈપણ બાબત અથવા વિવાદ અંગે તે સામાન્ય રીતે કોઈપણ બાબતનો નિર્ણય કરી શકે છે જે સુધારાના સંબંધમાં નક્કી કરવી જરૂરી અથવા યોગ્ય હોય.

૨૯. ૧૯૧૩ ના અધિનિયમ અને ૧૯૬૦ ના અધિનિયમ બંને હેઠળ તે કંપનીના શેરની ખરીદી અથવા ટ્રાન્સફર દ્વારા વ્યક્તિને સભ્ય તરીકે પ્રવેશ આપવા માટેની પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવી છે. ૧૯૧૩ ના અધિનિયમના સંદર્ભમાં કલમ ૨૯ હેઠળ, શેર અથવા સ્ટોકનું સર્ટિફિકેટ તેમાં રહેલા શેર અથવા સ્ટોકની સંખ્યાના હકનો પ્રથમ દર્શનીય પુરાવો રહેશે. કલમ ૩૦ "સભ્ય" ને વ્યાખ્યાયિત કરે છે જે કંપનીનો સભ્ય બનવા માટે સંમત થાય છે અને જેનું નામ તેના રજિસ્ટરમાં દાખલ થયેલું છે. કલમ ૩૧ તેના સભ્યોનું રજિસ્ટર રાખવા માટે છે. કલમ ૩૪ શેરના ટ્રાન્સફર સાથે કામ કરે છે અને શેરના ટ્રાન્સફરની નોંધણી માટેની અરજી કાં તો ટ્રાન્સફર કરનાર અથવા ટ્રાન્સફર મેળવનાર દ્વારા કરવાની રહેશે. જ્યાં તેના શેરની નોંધણી માટે ટ્રાન્સફર કરનાર દ્વારા આવી અરજી કરવામાં આવે છે ત્યાં ટ્રાન્સફર મેળવનારને રજિસ્ટર્ડ નોટિસ મોકલવાની રહેશે. કલમ ૩૪(૩) જ્યાં સુધી યોગ્ય રીતે સ્ટેમ્પ લગાવેલું અને ટ્રાન્સફર કરનાર તથા ટ્રાન્સફર મેળવનાર દ્વારા નિષ્પાદિત ટ્રાન્સફર સાધન કંપનીને પહોંચાડવામાં ન આવે ત્યાં સુધી ટ્રાન્સફર શેરની નોંધણી કરવા પર પ્રતિબંધ મૂકે છે. આમ કોઈપણ ટ્રાન્સફર મેળવનારનું નામ નોંધાય તે પહેલાં આ પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું હોવાનું દર્શાવવું પડશે, જે અધિનિયમ હેઠળ આવા કોઈપણ અરજદારની ફરજ છે. આ દર્શાવે છે કે ટ્રાન્સફર કરનાર અને ટ્રાન્સફર મેળવનાર બંને દ્વારા યોગ્ય રીતે સ્ટેમ્પ

લગાવેલ અને સહી કરેલ દસ્તાવેજ કંપની સમક્ષ મૂકીને કંપનીના સભ્યો અથવા શેરધારકો તરીકે ટ્રાન્સફર મેળવનારનું નામ નોંધવા માટે ટ્રાન્સફર કરનાર અથવા ટ્રાન્સફર મેળવનાર દ્વારા અરજી કરવાની રહેશે. ભારતીય કંપની અધિનિયમ, ૧૯૬૦ ની કલમ ૧૫૫ હેઠળ પણ સુધારા માટે સત્તાનો ઉપયોગ કરવામાં આવે તે પહેલાં આવશ્યક ઘટકો અસ્તિત્વમાં હોવા જરૂરી છે. કલમ ૧૦૦ કંપનીને શેરના ટ્રાન્સફરની નોંધણી ન કરવા માટે આદેશ આપે છે, જ્યાં સુધી યોગ્ય રીતે સ્ટેમ્પ લગાવેલું અને ટ્રાન્સફર મેળવનાર દ્વારા કે તેના વતી નિષ્પાદિત ટ્રાન્સફરનું યોગ્ય સાધન શેર સંબંધિત સર્ટિફિકેટ્સ સાથે કંપનીને પહોંચાડવામાં ન આવે.

૩૦. ઉપરોક્ત તમામ મર્યાદા અને બહોળી હુકુમત સૂચવે છે જેની સાથે કોર્ટે કાર્ય કરવાનું છે. તેની અનન્યતા હોવા છતાં તે સુધારાના આ વ્યાપ બહાર પોતાના ખોળામાં લઈ શકે નહીં. આ કલમ ૧૫૫ દ્વારા જ સૂચવવામાં આવ્યું છે:

> "કલમ ૧૫૫: સભ્યોના રજિસ્ટરને સુધારવાની કોર્ટની સત્તા
>
> ૧) જો –(એ) કોઈપણ વ્યક્તિનું નામ
>
> (i) પૂરતા કારણ વગર, કંપનીના સભ્યોના રજિસ્ટરમાં દાખલ કરવામાં આવ્યું હોય, અથવા
>
> (ii) રજિસ્ટરમાં દાખલ થયા પછી, પૂરતા કારણ વગર, તેમાંથી બાકાત રાખવામાં આવ્યું હોય; અથવા
>
> (બી) રજિસ્ટરમાં કોઈપણ વ્યક્તિ સભ્ય બની ગઈ હોય, અથવા સભ્ય બનતી અટકી ગઈ હોય તે તથ્ય દાખલ કરવામાં ભૂલ થાય, અથવા બિનજરૂરી વિલંબ થાય; વ્યથિત વ્યક્તિ, અથવા કંપનીનો કોઈ સભ્ય, અથવા કંપની, રજિસ્ટરના સુધારા માટે કોર્ટમાં અરજી કરી શકે છે.

૩૧. કલમ ૧૫૫ નો પેટાકલમ (૧) (એ) એવા કેસનો ઉલ્લેખ કરે છે જ્યાં પૂરતા કારણ વગર કોઈપણ વ્યક્તિનું નામ કંપનીના સભ્યોના રજિસ્ટરમાં દાખલ કરવામાં આવ્યું હોય કે બાકાત રાખવામાં આવ્યું હોય. 'પૂરતું કારણ' શબ્દનું અધિનિયમ અને નિયમોના સંદર્ભમાં પરીક્ષણ કરવાનું રહેશે. પૂરતા કારણ વગર દાખલ કરવામાં આવેલ કે દાખલ કરવાથી બાકાત રાખવામાં આવેલ એટલે કે અધિનિયમ અને નિયમોના વિરોધમાં કરવામાં આવેલ કે ન કરવામાં આવેલ અથવા અધિનિયમ અને નિયમો હેઠળ જે કરવું જોઈતું હતું પરંતુ કરવામાં આવ્યું નથી. આ સબ–ક્લોઝનું વાંચન મર્યાદા દર્શાવે છે જેના હેઠળ કોર્ટે તેની હકુમતનો ઉપયોગ કરવાનો છે. સુધારા સંબંધિત તમામ બાબતોનો નિર્ણય કરવાની અનન્યતા હોવા છતાં તેણે સદર મર્યાદામાં રહીને કામ કરવાનું છે અને આવી બાબતનો નિર્ણય સંક્ષિપ્ત સ્વરૂપનો હોવા અંગે શંકા કરી શકાય નહીં. તેથી, જ્યારે પણ કોઈ પ્રશ્ન ઊભો થાય ત્યારે કોર્ટે દરેક કેસના તથ્યો અને સંજોગો પર નિર્ણય કરવાનો રહેશે. જો તે ખરેખર સુધારાનો હોય તો તે સંબંધમાં ઉઠાવવામાં આવેલી તમામ બાબતોનો નિર્ણય કલમ ૧૫૫ હેઠળ કોર્ટ દ્વારા થવો જોઈએ અને જો તેને તેના હેઠળ ન આવતી કોઈપણ બાબતનો નિર્ણય માલૂમ પડે, તો તે પક્ષકારને સિવિલ કોર્ટ દ્વારા તેના હકનો નિર્ણય કરાવવા નિર્દેશ આપી શકે છે. જ્યાં સુધી કાયદા હેઠળ હકુમત સ્પષ્ટપણે કે ગર્ભિત રીતે અટકાવવામાં ન આવી હોય ત્યાં સુધી, આવા કોઈપણ હકના ઉલ્લંઘન અથવા નિવારણ માટે સિવિલ કોર્ટને હકુમત રહેશે. કંપની અધિનિયમ હેઠળ સિવિલ કોર્ટની હકુમતને સ્પષ્ટપણે અટકાવતી કોઈ જોગવાઈ નથી, પરંતુ અધિનિયમ હેઠળ વ્યાખ્યાયિત 'કોર્ટ' ની હકુમત વિવિધ કલમો હેઠળ તેની સત્તાઓનો ઉપયોગ કરે છે જ્યાં તેને અનન્ય હકુમત આપવામાં આવી છે, ત્યાં સિવિલ કોર્ટની હકુમત ગર્ભિત રીતે અટકાવાયેલી છે. અમે ઉપર કલમ ૧૫૫ હેઠળ 'કોર્ટ' ની હકુમત અંગે અગાઉથી ઠરાવ્યું છે, જ્યાં સુધી તે અનન્ય છે, સિવિલ કોર્ટની હકુમત ગર્ભિત રીતે અટકાવાયેલી છે. ઉપરોક્ત મુજબ જે આવરી લેવાયેલ નથી

તેના માટે સિવિલ કોર્ટને હકુમત રહેશે. તે જ રીતે આપણે કલમ ૪૪૬(૧) હેઠળ પણ જોઈએ છીએ કે તેના શબ્દો જ સૂચવે છે કે સિવિલ કોર્ટની હકુમત બાકાત નથી. આ સબ સેક્શન જણાવે છે, '.......... કોર્ટની રજા સિવાય કોઈ દાવો કે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે નહીં અથવા આગળ ચલાવવામાં આવશે નહીં'. 'કોર્ટની રજા સિવાય' શબ્દો જ સૂચવે છે કે રજા આપવામાં આવ્યા પછી સિવિલ કોર્ટને વ્યક્તિના હકનો નિર્ણય કરવાની હકુમત રહેશે. અલબત્ત આવી સત્તા વાપરવાનું સ્વવિવેક 'કોર્ટ' પાસે છે. તે જ રીતે કલમ ૪૪૬(૨) હેઠળ 'કોર્ટ' ને કંપની દ્વારા અથવા સામેના કોઈપણ દાવા અથવા કાર્યવાહી ગ્રાહ્ય રાખવાની કે નિકાલ કરવાની સત્તાઓ આપવામાં આવી છે. એકવાર તેના દ્વારા નિર્ણય કરાવવા માટે આ સ્વવિવેકનો ઉપયોગ થઈ જાય પછી, તે તેમાં રહેલી ભાષાના આધારે સિવિલ કોર્ટની હકુમતને બાકાત રાખે છે. તેથી અમે હાઈકોર્ટ દ્વારા નક્કી કરાયેલા કાયદાના સિદ્ધાંતનું તારણ કાઢીએ છીએ કે કલમ ૧૫૫ હેઠળ કોર્ટની હકુમત સંક્ષિપ્ત સ્વરૂપની છે તેમાં ભૂલ કાઢી શકાય નહીં. અપીલકર્તાના વિદ્વાન કાઉન્સેલ દ્વારા રજૂઆતના બીજા ભાગ પર પાછા ફરતાં કે કોર્ટે માત્ર એટલા માટે દાવો દાખલ કરવાની પરવાનગી માગવા નિર્દેશ આપવો જોઈતો ન હતો કારણ કે વિવાદ ખાતર પક્ષકાર જણાવે છે કે ઉભો થયેલો વિવાદ કપટ સહિતના તથ્યોનો જટિલ પ્રશ્ન છે જેનો નિર્ણય કરવાનો છે. જે કહેવામાં આવ્યું છે તે પ્રથમ દર્શનીય રીતે જટિલ પ્રશ્ન છે કે નહીં તે જોવા માટે કોર્ટે પોતે તપાસ કરવી જોઈતી હતી. કપટના વિવાદોમાં પણ, જો દસ્તાવેજની માત્ર ચકાસણી દ્વારા અથવા સ્વીકારેલી સહી સાથે કોઈપણ વિવાદિત સહીની સરખામણી કરવા પર સપાટી પર જે દેખાય છે તેના પર કોર્ટ કોઈ કપટ નહીં હોવાનું તારણ કાઢવા માટે સક્ષમ હોય, તો તેણે બાબતનો નિર્ણય કરવા આગળ વધવું જોઈએ અને માત્ર કપટ જણાવવામાં આવ્યું છે તે કારણે તેને રદ કરવું જોઈએ નહીં. વધુમાં બીજી તરફ સામા પક્ષના વિદ્વાન કાઉન્સેલ અપીલકર્તા–કંપની દ્વારા કોઈ શેર ખરીદવામાં આવ્યા હોવાનો અથવા તેને

કોઈ રકમ ચૂકવવામાં આવી હોવાનો સંપૂર્ણ ઇનકાર કરે છે. આવા કોઈપણ શેરનું કોઈ ટ્રાન્સફર ક્યારેય બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા મંજૂર કરવામાં આવ્યું ન હતું. એવી રજૂઆત કરવામાં આવે છે કે અપીલકર્તા–કંપની દ્વારા શ્રી વી.કે.ભાર્ગવને નાણાં ધીરવામાં આવ્યા હોય તો પણ તે બંને વચ્ચેનો ખાનગી વ્યવહાર હતો જેની સાથે સામા પક્ષની કંપનીને કોઈ લેવાદેવા નથી. તેથી અમે માનીએ છીએ કે સામા પક્ષ દ્વારા સંપૂર્ણ ઇનકાર કરવામાં આવ્યો છે.

૩૨. અમે હાઇકોર્ટના ચુકાદામાંથી પસાર થયા છીએ. તેણે કલમ ૧૫૫ હેઠળ 'કોર્ટ' ની હકુમત સંબંધિત કાયદાને યોગ્ય રીતે ઠરાવ્યો છે અને અપીલકર્તાના કેટલાક દસ્તાવેજોનો પણ સંદર્ભ આપ્યો છે પરંતુ તારણ કાઢ્યું છે કે તે વિવાદિત હોવાથી અને બનાવટી હોવાનું કહેવાતું હોવાથી જો સલાહ આપવામાં આવે તો દાવા માટે રજા માગવા નિર્દેશ આપ્યો છે. અમને લાગે છે કે તે યોગ્ય રહ્યું હોત જો કોર્ટે પોતે જોયું હોત કે શું આ દસ્તાવેજો વિવાદિત છે અને કોઈપણ દસ્તાવેજ બનાવટી હોવાનો આક્ષેપ છે તે માત્ર કોર્ટની હકુમત બાકાત રાખવા માટે જ કહેવામાં આવ્યું છે કે તે ખરેખર તેવું છે. તે જ રીતે અમે નિર્ણય કરતી વખતે યોગ્ય માનીએ છીએ કે કોર્ટે સામા પક્ષકારો માટેની રજૂઆતોને ધ્યાનમાં લેવી જોઈએ, અમે ઉપર જે કહ્યું છે તેના પ્રકાશમાં તે સુધારાના વ્યાપમાં આવશે કે નહીં."

આ ઉપરોક્ત સત્તા મંડળ સુધારા અધિનિયમ અગાઉ થયેલા વ્યવહારો સાથે કામ કરે છે જેના દ્વારા કંપની અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૧૫૫ ને કંપની (સુધારા) અધિનિયમ, ૧૯૮૮ દ્વારા રદ કરવામાં આવી હતી જે ૩૧.૦૫.૧૯૯૧ થી અમલમાં આવી હતી.

૧૪. કંપની (સુધારા) અધિનિયમ, ૧૯૮૮ એ કલમ ૧૫૫ અને કલમ ૧૫૬ જે કલમ ૧૫૫ ને આનુષંગિક હતી તે પણ કાઢી નાખી, અને સુધારેલી કલમ ૧૧૧

માં કલમ ૧૫૫ ની જોગવાઈઓનો સમાવેશ કર્યો. સુધારા અગાઉ, ટ્રાન્સફરની નોંધણી અને રજિસ્ટરના સુધારાની જોગવાઈઓ બે કલમોમાં સમાવિષ્ટ હતી, એટલે કે, કલમ ૧૧૧ અને કલમ ૧૫૫. જ્યારે ટ્રાન્સફરની નોંધણીમાં ઇનકાર અને વિલંબ સંબંધિત જોગવાઈઓ કલમ ૧૧૧ માં માલૂમ પડતી હતી, સુધારા સંબંધિત જોગવાઈઓ કલમ ૧૫૫ માં સમાવિષ્ટ હતી. અગાઉના કંપની લો બોર્ડ સમક્ષ ઇનકાર સામે અપીલનો ઉપચાર કલમ ૧૧૧ માં પૂરો પાડવામાં આવ્યો હતો. જોકે, વ્યથિત વ્યક્તિએ કલમ ૧૫૫ માં જોગવાઈ કર્યા મુજબ, સુધારા માટે હાઇકોર્ટમાં જવું પડતું હતું.

૧૫. સચર કમિટીની ભલામણ પર, આ બંને કલમોની જોગવાઈઓને કલમ ૧૧૧ માં સિંગલ વૈધાનિક જોગવાઈમાં સમાવી લેવામાં આવી હતી અને કંપની લો બોર્ડને બંને બાબતો સાથે કામ કરવા માટે સશક્ત કરવામાં આવ્યું હતું, એટલે કે, નોંધણીમાં ઇનકાર કે વિલંબ તેમજ સુધારા. આમ, ૧૯૮૮ નો સુધારા અધિનિયમ પસાર થયો ત્યાં સુધી, બે ઉપચારો, એટલે કે, કલમ ૧૧૧ હેઠળની અપીલ અને કલમ ૧૫૫ હેઠળની અરજી બે અલગ અલગ મંચો સમક્ષ ચલાવવાની હતી, એટલે કે, અનુક્રમે કલમ ૧૧૧ હેઠળ સેન્ટ્રલ ગવર્નમેન્ટના પ્રતિનિધિ તરીકે કંપની લો બોર્ડ, અને કલમ ૧૫૫ હેઠળ અદાલત.

૧૬. ૩૧.૦૫.૧૯૯૧ થી સુધાર્યા મુજબના કંપની અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૧૧૧ હેઠળ, કંપની લો બોર્ડને તે કાર્યો સોંપવામાં આવ્યા હતા જે અગાઉ અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૧૫૫ હેઠળ 'કોર્ટ્સ' દ્વારા કરવામાં આવતા હતા. બોર્ડને આમ નુકસાની, ખર્ચ અને આનુષંગિક તથા પરિણામી હુકમો અંગે કંપની

રજિસ્ટરના સુધારાનો નિર્દેશ આપતા હુકમો કરવાની સત્તા આપવામાં આવી હતી. ઉપરાંત, કંપનીના રજિસ્ટરમાં પોતાનું નામ દાખલ કરાવવા માટે કોઈપણ વ્યક્તિના હક સંબંધિત પ્રશ્નો; અને નિર્ણય કરવા માટે જરૂરી કે યોગ્ય હોય તેવા કોઈપણ પ્રશ્નનો આ સંદર્ભમાં વચગાળાના હુકમો કરવા સત્તા આપવામાં આવી હતી. કંપની અધિનિયમની કોઈપણ જોગવાઈનું પાલન ન કરવાના કિસ્સામાં દંડ ફટકારવાના સંદર્ભમાં પણ જોગવાઈઓ કરવામાં આવી હતી.

